# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 07-04-2026 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનો ધમધમાટ :

જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. આગામી 26મી એપ્રિલે મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો માટે મતદાન યોજાશે. અને 28મી એપ્રિલે મતગણતરી હાથ ધરાશે.

ગઈ કાલે 6 એપ્રિલ સોમવારથી ઉમેદવારી ફોર્મનું વિતરણ શરૂ થયું છે. ત્રણેય મુખ્ય પક્ષો ભાજપ-કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવારોની પસંદગી કરી એક પછી એક યાદીઓ જાહેર કરી રહ્યા છે. જેથી, આગામી દિવસોમાં ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયામાં તેજી આવશે.

--------------------------------------------------------------------------------

## શોર્ય દિવસ :

શોર્ય દિવસની ઉજવણી અંતર્ગત આગામી ૯ મી એપ્રિલે કચ્છ સરહદે સરદાર પોસ્ટ ખાતે કાર્યક્રમ યોજાશે.

1965ના યુદ્ધ વખતે ભારતના સુરક્ષા દળોના અદ્વીતિય સાહસ અને બહાદુરીને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે દર વર્ષે નવમી એપ્રિલે શોર્ય દિવસની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવે છે. સરદાર પોસ્ટ ખાતે યોજાનારા કાર્યક્રમમાં દળના વરિષ્ઠ અધિકારીઓ અને જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. તેમજ બેન્ડ પ્રદર્શન દ્વારા શહીદ જવાનોને શ્રદ્ધાજલિ અર્પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૬૫ના એપ્રિલ મહિના દરમિયાન પાકિસ્તાન સેનાએ 'ઓપરેશન ડેઝર્ટ હોક' હેઠળ ભારતીય સરહદી વિસ્તારો પર કબજો જમાવવાનો પ્રયાસ કર્યો હતો. તે સમયે CRPF ની ટુકડીઓ કચ્છના રણમાં આવેલા સરદાર અને ટાક પોસ્ટ પર તૈનાત હતી. 9 એપ્રિલના વહેલી સવારે પાકિસ્તાનની આશરે 3500 સૈનિકોની ઇન્ફન્ટ્રી બ્રિગેડે આ પોસ્ટ્સ પર અચાનક હુમલો કર્યો હતો.

CRPF ના જવાનોએ અદમ્ય સાહસ અને શૂરવીરતા દર્શાવી આ હુમલાનો મક્કમ પ્રતિસાદ આપ્યો અને દુશ્મનોને પાછા ધકેલી દીધાં હતા. આ યુદ્ધ દરમિયાન CRPF ના જવાનોના હાથે 34 પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા હતા તથા 4 ને જીવતા પકડવામાં આવ્યા હતા. આ બહાદુરીપૂર્ણ સંઘર્ષમાં CRPF ના 7 જવાનોએ શહાદત વ્હોરી હતી.

નાની ટુકડી હોવા છતાં CRPF ના જવાનોએ લગભગ 15 કલાક સુધી શક્તિશાળી પાકિસ્તાની બ્રિગેડનો સામનો કર્યો, જે સૈનિક ઇતિહાસમાં એક અનોખી સિદ્ધિ તરીકે નોંધાયેલી છે.

CRPF જવાનોના આ દ્રુત સાહસ અને સમર્પણને યાદ કરવા માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ 09 એપ્રિલે સરદાર પોસ્ટ ખાતે શોર્ય દિવસની રાષ્ટ્રીય ઉજવણી કરવામાં આવશે એમ crpf ની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## GST કચેરી આવક :

ભુજ સ્થિત સ્ટેટ જીએસટી કચેરીએ ગત વર્ષની સરખામણીએ 8.86 ટકા જેટલો વધારો કરીને વર્ષ 2025-26 દરમિયાન કુલ રૂ.1207.26 કરોડની જીએસટી આવક નોંધાવી છે. ગત વર્ષ 2024-25 માં કચેરી દ્વારા સરકારને રૂ.1108.96 કરોડ જેટલી આવક થઈ હતી.

જિલ્લામાં આંતરમાળખાકીય સેવાઓ તેમજ ખનિજ અને ઔદ્યોગિક સેવાઓ આધારિત વ્યવસાયિક પ્રવૃત્તિઓ જીએસટી આવકના મુખ્ય આધાર બનીને ઉભર્યા છે.

ઉલ્લેખનીય છે કે, ભુજ જીએસટી કચેરી હેઠળ ભુજ, માંડવી, મુંદ્રા, અબડાસા તેમજ લખપત તાલુકાઓનો સમાવેશ થાય છે. વેપારીઓ તથા કરદાતાઓ માટે જીએસટી રજીસ્ટ્રેશન પ્રક્રિયા સરળ બને અને તેમને ગાંધીધામનો ધક્કો બચે તે માટે ભુજમાં જ દર મંગળવાર અને ગુરુવારે બાયોમેટ્રિક અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર પણ તાજેતરમાં ખોલાયું છે.

---------------------------------------------------------------------------------------

## RTO કચેરી આવક :

જીલ્લાના મુખ્ય મથક ભુજની આરટીઓ કચેરી માટે ગત નાણાકીય વર્ષ આવકની દ્રષ્ટિએ અત્યંત ફળદાયી રહ્યું છે. કચેરીને નવા વાહનોની નોંધણી પેટે 174.61 કરોડ, લાઇસન્સની ફી પેટે 4.15 કરોડ અને એન્ફોર્સમેન્ટની કામગીરીમાં 4.58 કરોડ મળી કુલ વાર્ષિક આવક 183.34 કરોડની આવક થઇ છે.

નવા વાહનોની નોંધણી અને ડ્રાઇવિંગ લાયસન્સની ફી પેટે મળતી આવકમાં ગત વર્ષની તુલનાએ વધારો નોંધાયો છે, જે કચ્છમાં વધતી જતી વાહનોની સંખ્યાનો પુરાવો આપે છે. નાણાંકીય વર્ષ 2025-26 દરમ્યાન 29,982 નવા મોપેડ, 10,388 નવી કાર સહિત કુલ 46,051 વાહનો નોંધાયા છે.

આ ઉપરાંત, લાયસન્સ પેટે થતી આવકમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે, જે 3.22 કરોડથી વધીને 4.15 કરોડ સુધી પહોંચી છે.

કચ્છમાં માત્ર વાહનો જ નહીં, પરંતુ લાયસન્સ કઢાવવામાં પણ લોકો જાગૃત બન્યા છે. વર્ષ દરમિયાન કુલ 27,132 નવા લર્નિંગ લાયસન્સ ઈશ્યુ કરવામાં આવ્યા છે.જ્યારે 13,034 અરજદારોએ પાકા ડ્રાઇવિંગ લાયસન્સ મેળવ્યા છે.

---------------------------------------------------------------------------------------

## વિશ્વ આરોગ્ય દિવસ :

આજે વિશ્વ આરોગ્ય દિવસ છે. આ વર્ષની થીમ સ્વાસ્થ્ય માટે વિજ્ઞાન સાથે ઊભા રહો રાખવામાં આવી છે.

કચ્છની વાત કરીએ તો, કચ્છમાં ગ્રામ્ય સ્તરે આરોગ્યની સેવાઓ સુદ્રઢ કરવાની જરૂરિયાત હોવાનું જાણકારો કહી રહ્યા છે.

તાજેતરના Techo+ 2025-26 રિપોર્ટ મુજબ, રાજ્યમાં નોંધાયેલ 11 લાખ ૨૦ હજાર પ્રસુતીઓમાંથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કક્ષાએ માત્ર 29,724 એટલે કે 2.65 ટકા ડિલિવરી થઈ છે. જેમાં સૌથી નબળી કામગીરી કચ્છની છે. કચ્છમાં 45,670 પ્રસુતીઓ સામે સરકારી કેન્દ્રોમાં માત્ર 880 એટલે કે 1.93% જ પ્રસુતીઓ કરાઈ છે.

આ આંકડો દર્શાવે છે કે અંતરિયાળ વિસ્તારોમાં આવેલા સરકારી આરોગ્ય કેન્દ્રો માત્ર રેફરલ સેન્ટર બની રહ્યા છે. સગર્ભાઓને તાલુકા કે જિલ્લા કક્ષાએ રીફર કરી દેવામાં આવતા હોવાનું જાણવા મળ્યું છે.

જેના કારણે 97 ટકાથી વધુ મહિલાઓએ ખાનગી હોસ્પિટલોમાં જવું પડે છે. પરિસ્થિતિ સુધારવા માટે આયુષ્માન આરોગ્ય મંદિરો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્તરે સેવાઓ સુદ્રઢ બનાવવા માંગ ઉઠી છે.

---